| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૪/૦૪/૨૦૨૦ |
| દાખલ તારીખ | : | ૦૪/૦૪/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | : | ૦૩/૦૬/૨૦૨૩ |
| સમયગાળો | : | ૦૩ વર્ષ, માસ ૦૧, દિવસ ૩૦ |

## લેબર કોર્ટ (નંબર–૪), વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.

**રીકવરી (સી–૨) અરજી નંબર–૩૭/૨૦૨૨**
**આંક – ૯**

**અરજદાર :** **રવિન્દ્ર પુરુષોત્તમ પાટીલ,**
બી–૪, રાજીવ નગર, એરફોર્સની બાજુમાં
મકરપુરા, વડોદરા.
C/O, આઈટુક સંચાલિત,
ગુજરાત એન્જીનીયરીંગ એન્ડ જનરલ કામદાર યુનિયન,
''ભાલચંદ્ર ત્રિવેદી સભા હોલ,'' ૨૦૮–૨૧૬,
ગાયત્રી ચેમ્બર્સ, આર.સી. દત્ત રોડ,
વડોદરા– ૩૯૦૦૦૭.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **મેનેજરશ્રી,**
ઈલેકટ્રોનીકલ કન્ટ્રોલ એન સીસ્ટમ,
પ્લોટ નં. ૨૪૮/૨૪૯/બી,જી.આઈ.ડી.સી.,એસ્ટેટ,
મકરપુરા, વડોદરા.

**બાબત :** **ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩ (સી) (૨) મુજબ રીકવરી અરજી.**

---

**અરજદાર તરફે :** વિ. યુનિયન પ્રતિનિધિશ્રી અતુલ ત્રિવેદી હાજર
**સામાવાળા તરફે :** ગેરહાજર.

---

**:: હુ ક મ ::**

**(૧). રીકવરી અરજીની હકીકત :–**

અરજદાર તર્ફે આંક–૧ થી રજુ કરેલ અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, રેફરન્સ (એલ.સી.વી.) નંબર– ૨૪૭/૨૦૧૪ ના કામે હાલના અરજીના અરજદારની તરફેણમાં તા.૨૧/૧૦/૨૦૨૧ ના રોજ એવોર્ડ પસાર થયેલ. જે કોર્ટના નોટીસ બોર્ડ ઉપર તા. ૧૦/૦૧/૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ થયેલ.અરજદાર સામાવાળા સંસ્થામાં કંપની ઈલ ેક્ટ્રોકલ કન્ટ્રોલ એન સીસ્ટમ, પ્લોટ નં.૨૪૮/ ૨૪૯ /બી, જી.આઈ.ડી.સી., એસ્ટેટ, મકરપુરા, વડોદરામાં તા. ૦૧/૦૨/૨૦૧૦ થી ફરજ બજાવતા હતા. સામાવાળાએ અરજદારને તા. ૦૫/૦૯/૨૦૧૩ ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલ ત્યારે તેઓનો દૈનિક પગાર રૂા. ૨૦૫.૫૦× ૨૬ દિવસ પ્રમાણે કુલ માસિક પગાર રૂા. ૫,૩૪૩/– મળતો હતો. આમ અરજદારને સામાવાળાએ મૌખિક હુકમથી છુટા કરતી વખતે કોઈપણ જાતનું કાયદેસરનું વળતર ચુકવેલ નથી. અરજદારને સામાવાળા કંપનીએ મૌખિક હુકમથી છુટા કરતા તે અંગેનો વિવાદ રેફરન્સ નં. ૨૪૭/૧૪ નું કામ અસ્તિત્વમાં આવતા તે આ કામે અરજદારે માંગણાનું નિવેદન રજુ કરી સામાવાળા પાસે છુટા કર્યા અં ગેની દાદ માંગેલ છે.

રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૪૭/૧૪ ના કામે આંક–૨૩ થી નામદાર મજુર અદાલતે તા. ૨૧/૧૦/૨૦૨૧ ના રોજ કરેલ તે હુકમ નાયબ શ્રમ આયુકતશ્રીએ ક્રમાંક નં. ૭૨૭/૨૦૨૧ તા. ૧૦/૦૧/૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ કરેલ તે હુકમના અમલ કરવા માટે અરજદારે સામાવાળા કંપનીને રજી.એ.ડી. થી તા. ૨૨/૨/૨૨ ના રોજ એવોર્ડનો અમલ કરવા બાબતનો પત્ર લખેલ જે પત્ર સામાવાળાને મળી ગયેલ જે અંગેની પોસ્ટ

ખાતાની પાવતી તથા પહોંચ અલગ લીસ્ટથી રજુ કરેલ છે. આમ અરજદારની સામાવાળા કંપની પાસે લ્હેણી નીકળતી રકમ રૂા. ૧,૫૭,૮૭૨.૫૫/ પૈસા થાય છે તે રકમ સામાવાળા કંપનીએ ગેરકાયદેસર રીતે અટકાવી રાખીને જે નુકશાન પહોંચાડેલ છે તે રકમ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ એવોર્ડ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૮ ટકા વ્યાજ સાથે ચુકવી આપે તેવો હુકમ વિનંતી છેઅને તે અંગેના ચુકાદા નીચે મુજબ છે.

આમ ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં નામદાર મજુર અદાલત વડોદરાએ કરેલ હુકમ મુજબ સામાવાળાએ એવોર્ડ પછીનો પગાર તથા અન્ય રકમ ન ચુકવી ગેરકાયદેસર અટકાવી રાખી અરજદારને નુકશાન પહોંચાડેલ હોય લેણી નીકળતી રકમ ઉપર એવોર્ડ પ્રસિધ્ધ થયાની તારીખ ૧૦/૦૧/૨૦૨૨ થી ૧૮ % લેખે વ્યાજ ચુકવવા તથા અરજીનો ખર્ચ રૂા. ૧૦,૦૦૦/– સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

**<u>(૨) સામાવાળા તરફે જવાબ :–</u>**

સદર કામે સામાવાળાને ધોરણસરની નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. જે તેઓને બજેલ છે. પરંતુ સામાવાળા તરફે કોઈ હાજર રહી જવાબ રજુ કરેલ ન હોય, અરજદાર તરફે આંક–૦૫ થી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવાની અરજી આપતા, સામાવાળાનો જવાબનો હકક બંધ કરેલાનું રેકર્ડ જોતા જણાઈ આવે છે.

**<u>(૩). પુરાવા :–</u>**

આંક–૦૬ થી રવિન્દ્ર પુરુષોત્તમ પાટીલનું સોગંદનામું રજુ રાખેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૦૭ થી સામાવાળા તરફે કોઈ હાજર ન સામાવાળાનો ઉલટતપાસનો હકક બંધ કરવાની અરજી આપેલ. સામાવાળા તરફે કોઈ હાજર ન હોવાથી

તે અરજી મંજુર કરી, સામાવાળાનો ઉલટતપાસનો હકક બંધ કરેલાનું રેકર્ડ જોતા જણાઈ આવે છે. અરજદાર તરફે વધુ મૌખિક પુરાવા રજુ કરવા નથી તેવું આંક –૦૮ જાહેર કરેલ છે. ત્યારબાદ સામાવાળા તરફે કોઈ રજુઆત ન હોય તેમજ પોકાર કરતા કોઈ હાજર ન હોવાથી ન્યાયના હીતમાં સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરેલાનું રેકર્ડ જોતા જણાઈ આવે છે.

**(૪). દલીલ :–**

ત્યારબાદ સદર કામ પક્ષકારોની દલીલ ઉપર આવતા, અરજદાર તરફે વિ. યુનિયન પ્રતિનિધિ શ્રીએ તેઓની મૌખિક દલીલો સાંભળી. ત્યારબાદ સામાવાળા તરફે કોઈ હાજર રહેલ ન હોય સામાવાળાની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૫). મુદદાઓ :–**

આ કામે રજુ અરજી, મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ નીચે મુજબ નીચે મુજબ મુદ્દા ઘડવામાં આવેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું અરજદાર એ હકીકત સાબિત કરે છે કે સામાવાળા પાસેથી અરજીમાં જણાવ્યા મુજબની લ્હેણીની રકમ તથા તેના ઉપર માંગ્યા મુજબનું વ્યાજ તથા ખર્ચની રકમ વસુલ મેળવવા હકકદાર છે ?

(૨) શું હુકમ ?

**(૬). જવાબ:–** ઉપરોકત મુદ્દાઓ સંદર્ભે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નંબર–૧ :– અંશત: હકારમાં.

(૨) મુદ્દા નંબર–૨ :– આખરી હુકમ મુજબ.

**<u>-:: કારણો ::-</u>**

**<u>(૭) મુદ્દા નં. ૧ :-</u>**

**(૧)** અરજદારએ ઔદ્યોગીક વિવાદ ધારો-૧૯૪૭ ની ની કલમ-૩૩ (સી)(ર) અન્વયે હાલની વસુલાત અરજી દાખલ કરેલ છે. સદર વસુલાત અરજીનો ન્યાયનિર્ણય કરતા પહેલા કાયદાની સદર કલમ વંચાણે લઈએ તો,

***<u>કલમ-૩૩ (સી) :- માલિક પાસે લેણી રકમની વસુલાત :-</u>***

*(૧) .......*

*(ર) કોઈ કામદાર, માલિક પાસેથી કંઈ રકમ અથવા નાણામાં ગણતરી કરી શકાય એવો કોઈ લાભ મેળવવા હકકદાર હોય, ત્યારે લેણી રકમ અંગે અથવા ગણતરી કરતાં થતી એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્નનો નિર્ણય, સમુચિત સરકાર આ માટે નિર્દિષ્ટ કરે તો મજુર કોર્ટ આ અધિનિયમ હેઠળ કરવામાં આવે તે નિયમોને આધીન રહીને ત્રણ મહીના કરતાં વધુ ન હોય તેટલી મુજબની અંદર કરી શકશે.*

*પરંતુ મજુર કોર્ટના પ્રમુખ અધિકારી તેમ કરવુ જરૂરી અને ઈષ્ટ ગણે ત્યારે, તે લેખિત કારણોની નોંધ કરીને પોતે યોગ્ય ગણે તેટલી વધુ મુદત સુધી આવી મુદત લંબાવી શકશે.*

*(૩) .......*

*(૪) .......*

*(૫) .......*

ઉપરોકત કલમ લક્ષમાં લેતાં કામદાર માલિક પાસેથી કોઈ રકમ મેળવવા હકકદાર હોય અથવા તો કોઈ લાભ કે જેની નાણામાં ગણતરી કરી શકાય તે મેળવવા હકકદાર હોય તો તેવી રકમ અથવા લાભના આધારે મળવાપાત્ર થતી રકમની વસુલાત માટે માલિક

વિરૂધ્ધ અરજી કરી શકે છે. આ કલમ હેઠળ અરજી કરવા માટે કામદારની તરફેણમાં હકક પ્રસ્થાપિત થયેલો હોવો જોઈએ અથવા તો કામદાર કોઈ લાભ મેળવવા હકકદાર હતો તેવુ પ્રથમથી નકકી થયેલું હોવું જોઈએ. તેજ રીતે માલિક અને કામદાર વચ્ચે નોકરીની શરતો આધારે કોઈ લાભ કે રકમ કામદારને મળવાપાત્ર થતી હોય તો તે રકમ સીધેસીધી કામદાર આ કલમ હેઠળ અરજી કરી મેળવી શકે છે. કોઈ સમાધાન કે એવોર્ડ આધારે મળવાપાત્ર થતાં લાભ કે લેણી થતી રકમ પણ વસુલ મેળવવા માટે કામદાર આ કલમ હેઠળ અરજી કરી શકે છે. કલમ–૩૩ (સી)(૨) હેઠળની અરજીમાં મજુર અદાલતને એકઝીકયુટીવ કોર્ટના પાવર્સ મળેલા છે. કોર્ટ પક્ષકારો વચ્ચેની ગંભીર રીતે વિવાદીત બાબતો કે જેના માટે બંને પક્ષકારો તરફે વિસ્તૃત પુરાવો રજૂ કરવા જરૂરી બને તે બાબતોનો નિર્ણય આ કલમ હેઠળ કરી શકે નહીં.

(૨). રેફરન્સ(એલ.સી.વી.) નં.૨૪૭/૨૦૧૪ના કામે થયેલ એવોર્ડ વંચાણે લઈએ તો, હાલની વસુલાત અરજીના અરજદારની તરફેણમાં એવોર્ડ થયેલો છે. જેથી તેઓનો હાલની વસુલાત અરજી કરવાનો પ્રસ્થાપિત હકક હોવાનું સ્પષ્ટરીતે ફલીત થાય છે. જે એવોર્ડનો અમલ કરાવવા સામાવાળાને આર.પી.એ.ડી. મોકલેલ છે તેમ છતાં સામાવાળાએ એવોર્ડનો અંશત: કે સંપૂર્ણ પાલન કરેલ નથી. જેથી અરજદારને હાલની વસુલાત અરજી દાખલ કરવી પડેલ છે.

આમ, અરજદાર તેમજ કોર્ટ ધ્વારા સામાવાળાને હાલની વસુલાત અરજી બાબતે જાણ થયેલ છે. તેમ છતાં એવોર્ડનો અમલ કરેલ નથી આવા સંજોગોમાં અરજદારનું આંક–૬નું સોગંદનામું વંચાણે લેતા, તેમાં માંગણાના નિવેદનની હકીકતોને સોગંદ ઉપર દોહરાવેલ છે. જેના વિરુધ્ધની હકીકત અથવા ખંડન કરતી કોઈ હકીકત સામાવાળાએ હાજર રહીને રજુ કરેલ ન હોય. જેથી અરજદારની હકીકતોને ન માનવા કોઈ કારણ જણાઈ આવતુ નથી. આમ, અરજદાર ધ્વારા હાલની

અરજી સાથે પરિશિષ્ટ (એનેક્ષર–એ) થી રજુ રાખેલ ગણતરી મુજબની રકમ મેળવવા હકકદાર છે. અરજદારની સદર રકમ રીકવરી બલ અને ડયુ હોવાથી તેના ઉપર ૬% વ્યાજ આપવું ન્યાયોચિત જણાઈ આવે છે. આમ, મુદદા નંબર – ૧ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે. તેમજ મુદદા નંબર – ૨ નો જવાબ નીચેના આખરી હુકમ મુજબ કરવામાં આવે છે.

## :: આ ખ રી  હુ ક મ ::

(૧) અરજદારની વસુલાત અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) રેફરન્સ (એલ.સી.વી.) નંબર– ૨૪૭/૨૦૧૪ના કામે થયેલ એવોર્ડ મુજબની લ્હેણી રકમ રૂા. ૧,૫૭,૮૭૨.૫૫/– (અંકે રૂપિયા એક લાખ સતાવન હજાર આઠસો બોતેર અને પંચાવન પૈસા પુરા) તેની ઉપર હાલની અરજી દાખલ કર્યા તારીખ : ૦૪/૦૪/૨૦૨૨ થી ૬% વ્યાજ હુકમ થયાની દિન–૩૦માં અરજદારને સામાવાળાએ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલની વસુલાત અરજીના ખર્ચ પેટે રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) અરજદારને સામાવાળાએ અલગથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(નારાયણ લાલ શર્મા)**
**પ્રમુખ અધિકારી,**
**શ્રમ અદાલત (નંબર–૪), વડોદરા.**
**U.I.C.NO.GJ01439.**

**સ્થળ : વડોદરા.**
**તારીખ : ૦૩/૦૬/૨૦૨૩.**
(જે.એ.મકવાણા–સ્ટેનો)